# 'સ્મરણો ભીનાં ભીનાં' ઉજળાચહેરાઓના પ્રતિબિંબ

ડૉ. બાબુ પટેલ

આપણીઆ પૃથ્વીનાગોળા પરથી અનેક પ્રજાતિઓ લુપ્ત થતી જાય છે. પ્રોફેસર જયન્ત પંડ્યાનું અવસાન ગાંધીપ્રેરિત મૂલ્યબોધ સમન્વિત સાહિત્યકાર, કેળવણીકાર, સમાજચિંતક, સક્રિય રાજનીતિનો પરિચાયક એવી જ એક વિશિષ્ટ પ્રજાતિ છે, જે લુપ્ત થવાને આરે છે, તેમાંથી વળીએકનું વિલોપન છે. જયન્ત પંડ્યાગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રહી ચૂક્યા હતા, નિરીક્ષક અને પરબ જેવાં સામયિકોના થોડો થોડો વખત તંત્રી રહી ચૂક્યા હતા, યૌવનના આરંભમાં પ્રસિદ્ધસમાજસેવક કમળાશંકર પંડ્યાના અંતેવાસી બની દાહોદના આદિવાસી વિસ્તારમાં સેવાઓ આપી હતી અને પછી સક્રિય રાજકારણમાં ૧૯૭૨માં કોંગ્રેસની ટિકિટ પરથી વિધાનસભાની ચૂંટણી બાલાસિનોર વિસ્તારમાંથી લડ્યા હતા. ચૂંટણીખર્ચની મર્યાદાનાનિયમો પાળીને અને માત્ર ૧૭૫ મતોથી જ ગૌરવભરીહાર પામ્યા હતા. અધ્યાપક અને લેખક તો તેઓ હતા જ. અહીં તેમના એક વિશિષ્ટ પુસ્તકનું, માત્ર તેમના જ નહીં, ગુજરાતી ભાષાનાવિશિષ્ટ પુસ્તકનું – 'સ્મરણો ભીનાં ભીનાં'નું સ્મરણ કરવું છે.

'સ્મરણો ભીનાં ભીનાં' લોકપ્રિય એવા વાર્તા-નવલકથાના સ્વરૂપનું પુસ્તક નથી, એ પુસ્તક છે રેખાચિત્રોનું. સામાન્યવાચક રેખાચિત્રોને જીવનચરિત્રના એક પ્રકાર તરીકે માને તો વાંધો નથી, પરંતુ એ સાહિત્યસ્વરૂપ ગુજરાતીમાં એવું ખીલ્યું છે કે તે સ્વતંત્ર સાહિત્યપ્રકાર તરીકે પોતાનું સ્થાન માગીશકે. લીલાવતી મુનશીએ ગુજરાતીમાં સૌ પ્રથમ રેખાચિત્રોને પ્રતિષ્ઠિત કરેલાં. કુશળચિત્રકાર પીંછીના થોડાશબ્દોમાં કોઇ વ્યક્તિને જીવંત કરી દેવાની એક રેખાચિત્રકારમાં હોવી જોઇતી પ્રથમ યોગ્યતા લીલાવતી મુનશીમાં હતી. પણ પછી એક પુસ્તકથી એ ક્ષેત્રમાં તેઓ આગળ ન વધ્યા.

મારે મતે ગુજરાતી ભાષાનું એક શ્રેષ્ઠ રેખાચિત્ર તો મોહનદાસકરમચંદ ગાંધીની 'આત્મકથા'માં આવતું નારાયણહેમચંદ્રનું છે. ઇંગ્લેન્ડમાં નારાયણહેમચંદ્રની પહેલી ઓળખાણ વખતે ગાંધીજી લખે છે: 'નારાયણહેમચંદ્રને અંગ્રેજી નહોતું આવડતું. તેમનો પોશાક વિચિત્ર હતો. બેડોળ પાટલૂન પહેર્યું હતું. ઉપર ચોળાઇ ગયેલો, કાંઠલે મેલો, બદામીરંગનો કોટ હતો. નેકટાઇ કે કોલર નહોતાં. કોટ પાટલીઘાટનો પણ ડોળ વિનાનો,માથ ફૂમતાંવાળી ઊનની ગૂંથલી ટોપી હતી. તેમણે લાંબી દાઢી રાખી હતી.. ચહેરો ગોળ, નાક નહીં અણીદાર, નહીં ચીબું, દાઢી પર હાથ પર હાથ ફર્યા કરે..' કેટલા ઓછા શબ્દોમાં ગાંધીજીએ નારાયણહેમચંદ્રને આપણી સમક્ષ ખડા કરી દીધા! આ બાહ્ય પરિચય પછી આંતરિક પરિચય રેખાચિત્રનો પ્રાણ છે – જે આ રેખાચિત્રમાં ગાંધીજીએ પૂર્યો છે. આવા રેખાચિત્રના કેટલાય નમૂના 'આત્મકથા'માં મળે.

ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્રકાર તરીકે કોઇ એક જ સર્જકનું નામસૌથી પહેલું લેવું હોય તો તે પહેલાં ટિળકના અંતેવાસી અને પછી ગાંધીના પરમ અનુયાયી એવા સ્વામી આનંદનું લેવું પડે. સ્વામીએ રેખાચિત્રોના પ્રકારને વાર્તા કે નવલકથામાંથી પ્રાપ્ત થતી મનોરંજકતાથી ચઢિયાતી મનોરંજકતા અને સાથ ઉચ્ચ માનવ્યની દીક્ષા આપે એવી કોટિએ પહોંચાડ્યો. એમનાં રેખાચિત્રોમાં શુભનું પ્રતિનિધિત્વકરતાં જેમ રેખાચિત્રો છે, તેમ દુરિતનું ચિત્રણકરતાં પણ. મનુષ્યસ્વભાવની વિલક્ષણતાઓ આલેખતાં સ્વામી આનંદનાં રેખાચિત્રો એક રીતે ધરતીની

આરતી જાણે! તેમાં 'મોનજી રુદર' રેખાચિત્રનું નામ પહેલું હોઠે ચઢે, પણ સ્વામીએ આલેખેલું છોટુભાઇ નાયક (મહાદેવથી મોટેરા)નું કે ખુદ મહાદેવભાઇનું રેખાચિત્ર અનન્ય છે. સ્વામીનાં રેખાચિત્રોમાં એક સાથ ઉદાત્તતા, લાલિત્ય અને કારુણ્યનો અનુભવ થાય. ઊંચાઇએ પહોંચાડીને આંખમાં આંસ લાવવાની ક્ષમતા એમનાં રેખાચિત્રોમાં છે.વ્યક્તિઓ તો ખરી, સ્વામી તો 'મોરુ' જેવાઘોડાનું ચિત્ર એમ આલેખે જાણે એમનામાં ઘોડાનો આત્મા ન આવી ગયો હોય.

આવા એક રેખાચિત્રકારકવિઉમાશંકર. રેખાચિત્રને તેઓ હૃદયમાં પડેલી છબીઓ કહે છે – એ જ એમનાં બે રેખાચિત્રોના સંગ્રહોનું નામ છે.રેખાચિત્રકારની સફળતા તેના હૃદયમાં પડેલી છબીને શબ્દોમાં કેવી જીવંત રીતે ઉપસાવી શકે તેમાં છે.

જયન્ત પંડ્યારેખાચિત્રકારોના આકુળમાં આવી શકે. 'સ્મરણો ભીનાં ભીનાં'માં ૩૧ રેખાચિત્રો છે, પરંતુ તે સંખ્યાથી ઘણા બંધા પ્રગટ થયાં છે, જે ગ્રંથસ્થ થયા નથી. થોડા અતડા, ક્યારેક રુક્ષ અને ક્વચિત્ ઉગ્ર લાગતા જયન્ત પંડ્યાઆમ તો 'વિદ્વાન'. પણ એમની સર્જકતા કોળી રેખાચિત્રોમાં. લાભશંકર ઠાકર આ રેખાચિત્રો લેખકના જે સ્મરણોને આધારે રચાયાં છે, તે વિશે કહે છે,'સ્મરણો અહીં 'ભીનાં ભીનાં છે.. પણ અહીં આખા પુસ્તકમાં જે સ્મરણો છે, તે વિશિષ્ટ સ્થળ-કાળનાં છે. તે સ્થળ ઇંગ્લેન્ડ સુદી પણ આરંભની કતિમાં લંબાયેલું અનુભવાય છે. પણ સ્મરણો છે, અહીં વીસમી સદીના.. એક આખી સદીનો, વિશેષે કરીને, માનવપુરુષાથ આસ્મરણોમાં અનેક સત્યો સાથ ફરફરતો દેખાય છે.. તેમાં આ દેશના મનુષ્યની વાસ્તવભરી, આશા-નિરાશાભરી, પુરુષાથગાથા પ્રતિબિંબાયા કરે છે. આ પુસ્તકની મોટી સંપદા તે આ પ્રતિબિંબો છે. અહીં એકેએક વ્યકિત વિશેષની મનુષ્ય માટેની, સમાજ માટેની, દેશ માટેની, જગત માટેની ખેવનાના રણકારો છે. આ નિસબત લેખકનો પણ સ્થાયીસ્વ-ભાવ છે.

થ્વામી આનંદનાં રેખાચિત્રોની જેમ જયન્ત પંડ્યાના રેખાચિત્રોમાં ઉચ્ચ મૂલ્યોની સ્થાપના સાથ માનવમાત્રની નિસબતનો ગુણ છે, જેમાં એમની નિખાલસતા અને હંમેશાં સામાનો સારું ન લગાડવાનો 'ગુણ' પણ જોવામળે છે. પહેલા રેખાચિત્ર 'મિસમોરિસન'માં તે જોવામળશે. તેમનાલંડન નિવાસ દરમિયાન જયન્ત પંડ્યાને એક કાર્યાલયમાં ઉપરી મિસમોરિસન સાથ કામ કરવાનો પ્રસંગ સાંપડે છે, જમાં ૫૦ જણના સ્ટાફમાં માત્રચાર પુરુષો. લેખક કહે છે – 'આ કામરુ દેશમાં મારુકામ અને કામ નક્કી થઇ ગયા. મોરિસન અમારા વિભાગના સુપરવાઇઝર હતાં. ૨૮-૩૦ વર્ષની એ યુવતી, પાતળી, ઊંચી કાયા પણ સાવસોટા જેવી નહી. ચહેરો રોમન આકૃતિ જેવો સુરેખ..એક રૂપાળી સ્ત્રીમાં આટલા બધાં વાનાની ખરેખર તો જરૂર ન કહેવાય છતાં વિધાતાએ ભરી આપેલાં. કરૂણતાં એટલી કે અમારી ગાડી શરૂઆતથી જ કંઇક ઊંધે પાટે ચઢી ગઇ..' લેખક મિસ મોરિસન સાથ થતી ચણભણ અને પછી બંને વચ્ચે વણ લખ્યા અબોલાનું આલેખન કરે છે પણ અંતે એકબીજાનીક્ષમાયાચનાથી વિદાયનો પ્રસંગરચાય છે – એ સ્મરણલેખકના જીવનનો મધુપર્ક બનીજાય છે.

ઇંગ્લેન્ડના ગાળાનાં એક ભારતીય કન્યા ઇન્દિરાબેનર્જીનું રેખાચિત્ર એકદમ જીવંત છે. કંઇક અતડાએવા જયન્તભાઇને પહેલી મુલાકાતમાં જ ઇન્દિરાકહે છે- 'ક્યાલડકિયોં કી તરહ ચૂપચાપ બૈઠે રહતે હો?' અને અતડા એવા જયન્ત પંડ્યાને ઇન્દિરા કેવીરીતે આત્મીય બનાવી લે છે, એટલું જ નહિ એ અજાણી છોકરી લેખકના શબ્દોમાં ભવ્ય રૂપે પ્રગટ થાય છે અને જીવનની વિરૂપતાઓ વચ્ચે અનપેક્ષિત માંગલ્ય પ્રાકટ્ય આઠે કોઠે દીવા પ્રગટાવે છે. એ દીવા તુલસીક્યારે પ્રકાશતા દીવા જેવા પવિત્ર લાગે છે.

કેટલાંક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતાં ચરિત્રોનાં રેખાચિત્રોમાં લેખકના આત્મીય પરિચય કરતાં એમની જે માનસ છબીએમનાચિત્ત પર અંકાઇ છે, તેનું આલેખન છે, જેમ કે રાણીઇલિઝાબેથ કે લોર્ડ માઉન્ટ બેટન. પણ પંડયા જ્યારે ઇશ્વર પેટલીકર, ઉમાશંકર જોશી, યશવંત શુક્લ, કમળાશંકર પંડ્યા, મનુભાઇ 'દર્શક' કે તેમના સુહૃદય લાભશંકર ઠાકર વિશે લખે છે ત્યારે હૃદયમાં પડેલી છબી ઉપરાંત ભીનાં સ્મરણોની વાત ભલે અંગત હોય પણ સાર્વજનીત બને છે. જયન્ત પંડ્યાનીલેખનશૈલી, એમના પુસ્તકનું શીર્ષક વાપરીને કહીએ તો 'શબ્દવેધી' સિદ્ધ થાય છે. સુરેશ દલાલ કહે છે તેમ રાજકારણ એ હૃદયકારણની કેટલીય વ્યક્તિઓ અહીં સ્થાન પામી છે. ગુજરાતી રેખાચિત્રોની સ્વામી આનંદ અને ઉમાશંકર જોશીની પંક્તિમાં જયન્ત પંડ્યાનાં આ રેખાચિત્રો 'સ્મરણો ભીનાં ભીનાં' સ્થાન પામવાનાં અધિકારી છે.